# એક રૅશનાલીસ્ટનું મનોમંથન

– વીક્રમ દલાલ

સામાન્ય રીતે એમ મનાય છે કે 'ભ્રમ' એ દુર કરવા લાયક પડદો છે; કારણ કે તે સત્યને ઢાંકે છે. આ જ કારણથી રૅશનાલીસ્ટો વહેમને દુર કરવા તથા કહેવાતા ચમત્કાર પાછળ કામ કરતાં વૈજ્ઞાનીક કારણો લોકો આગળ રજુ કરવા પ્રયત્નશીલ રહે છે. ભ્રમનીરસન એ રૅશનાલીસ્ટોના કાર્યક્ષેત્રની અગત્યની પ્રવૃત્તી છે.

કોઈ પણ વ્યક્તી જાણી જોઈને દુ:ખી થવા ઈચ્છતી નથી તેવી ધારણા જો પાયાના સત્ય તરીકે સ્વીકારીએ તો, દુ:ખ ઉત્પન્ન થવાનાં કારણોને નીવારવા અને તે શક્ય ન હોય તો તેને સહન કરી શકાય તે માટેનાં ઉપાયો વીશે વીચારવું એ મનુષ્ય માત્ર માટે જરુરી બને છે; કારણ કે દુ:ખનો અનુભવ સૌને થાય છે.

આપણે એક સાથે બે જગતમાં જીવીએ છીએ. એક છે બાહ્યજગત અને બીજું છે અંતર્જગત. બાહ્યજગત પ્રત્યક્ષ છે. બાહ્યજગતમાં રહેલાં પદાર્થો અને શક્તીઓને માપી શકાય છે અને કેટલીક વખત ઉપયોગમાં લઈ શકાય છે તથા તેની લેવડદેવડ થઈ શકે છે. પદાર્થો અને શક્તીનો ઉપયોગ કરીને જીવનને વધારે સગવડભર્યું બનાવવાની તેમાં ક્ષમતા રહેલી છે.

અંતર્જગતને જોઈ શકાતું નથી. તેમાં પ્રેમ અને ધીક્કાર, ગમો અને અણગમો તથા સુખ અને દુ:ખ જેવી લાગણીઓ, શાંતી જેવી મનની સ્થીતી તથા બુદ્ધી જેવી માપી ન શકાય; પણ અનુભવી શકાય તેવી અમુર્ત રાશીઓનો સમાવેશ થાય છે.

બાહ્યજગતનો પ્રભાવ અંતર્જગત ઉપર પડે છે; પરંતુ માણસમાં જીવન વીશેની સમજણ જેમ વધે તેમ બાહ્યજગતનો પ્રભાવ ઘટે છે. જે વ્યક્તીમાં પુરતી સમજણ પેદા થઈ હોય તેનાં અંતર્જગત ઉપર બાહ્યજગતનો પ્રભાવ પડી શકતો નથી. બીજા અર્થમાં કહીએ તો આવા માનવીમાં સુખદુ:ખની લાગણી જન્માવવા માટે બાહ્યજગત અસમર્થ હોય છે.

બહુજન સમાજમાં આવા પ્રકારની સમજણનો અભાવ હોય છે. પરીણામે તેના અંતર્જગત ઉપર બાહ્યજગતનો ઘણો પ્રભાવ પડે છે. આવી વ્યક્તીઓ અગવડ અને દુ:ખ વચ્ચેનો ભેદ પારખી શકતી નથી. તેથી પ્રામાણીકપણે માને છે કે સગવડો ઉભી કરવાથી દુ:ખને દુર કરી શકાશે. સગવડો મેળવવા માટે નાણાંની જરુર પડે છે, એટલે સારાંનરસાંનો

વીવેક રાખ્યા વગર કોઈ પણ રીતે નાણાં એકઠાં કરવાં એ એમનાં જીવનનું એક માત્ર ધ્યેય બની જાય છે.

દુ:ખ એટલે આવી પડેલી અણગમતી પરીસ્થીતીનો સ્વીકાર કરવાની મનની આનાકાની. ગમે તેવું દુ:ખ હોય; પણ અંતે તો મનને તે સ્વીકારવું જ પડે છે. તેથી કહેવત છે કે 'દુ:ખનું ઓસડ દહાડા'. જેમ સમજણ વધારે તેમ આનાકાનીનો સમય ઓછો. જેનામાં પુરતી સમજણ પેદા થઈ છે તે પરીસ્થીતીને અંત્યત ઝડપથી સ્વીકારી શકે છે માટે તેને દુ:ખ થયું હોય તેમ બીજાને જણાતું નથી.

પરીક્ષામાં નપાસ થવાથી, પ્રેમમાં નીષ્ફળતા મળવાથી, વેપારમાં ખોટ આવવાથી, જીવનસાથીની બેવફાઈથી, આપ્તજનના મૃત્યુથી કે ધન મેળવવા આખી જીન્દગી સુધી ઢસરડો કર્યા પછી ધનથી સુખ નથી મળી શકતું તેનું ભાન જીવનનાં પાછલાં વર્ષોમાં થવાથી, માણસ દુ:ખી થાય છે.

દુ:ખી વ્યક્તીઓ ભાંગી પડે છે. મનોવીજ્ઞાનની ભાષામાં તેને 'ડીપ્રેશન' કહે છે. અમેરીકા, જાપાન અને સ્વીડન જેવાં સમૃદ્ધીમાં આળોટતા દેશોમાં પણ દુ:ખ ભુલવા માટે ફાંફાં મારતા સમાજથી આપણે અજાણ્યા નથી. દુ:ખ ભુલવા માટેના તેમના ઉપયોગમાં તમાકુ, દારુ, કે ચરસ જેવાં વ્યસનો, જુગાર અને ગુંડાગીરી જેવી અસામાજીક પ્રવૃત્તીઓ અથવા તો ગુઢવીદ્યા જાણતા હોવાનો દાવો કરતા લેભાગુ સંતો, ચમત્કારો, ઈશ્વર કે આત્મહત્યા તરફ ઢળતા હોય છે.

દુ:ખ ખમી લેવા જેટલી સમજણ ઉગવી એ મનની ઉત્તમ સ્થીતી છે; પરંતુ આવી સમજણ બહુ ઓછી વ્યક્તીઓમાં હોય છે. એક રૅશનાલીસ્ટ તરીકે હું વીચારું છું કે, જેઓ માત્ર ઉંમરે જ મોટાં થયાં છે; પરંતુ જેમનામાં સમજણ ઉગી નથી તેવી દુ:ખી વ્યક્તીઓ, ઉપર જણાવેલા ઉપાયોમાંથી 'ઈશ્વર' તરફ ઢળે તો તેની તરફનો આપણો અભીગમ કેવો હોવો જોઈએ ? સીગારેટ અને માળા વચ્ચે, દારુ અને પ્રસાદ વચ્ચે અથવા ક્લબ અને મંદીર વચ્ચે જ જો પસંદગી કરવાની હોય તો શાની પસંદગી થવી યોગ્ય છે ? શેનાથી વ્યક્તી અને સમાજને ઓછામાં ઓછું નુકસાન થાય તેમ છે ? કઈ પ્રવૃત્તી શારીરીક અને આર્થીક રીતે પોષાઈ શકે તેમ છે ? ''ઈશ્વર'નો ભ્રમ દુર કરીને વ્યક્તીને બીજા નુકસાનકારક વીકલ્પો તરફ અભાનપણે પ્રેરવી એ રૅશનાલીસ્ટ માટે યોગ્ય કહેવાય ? સુખની ભ્રમણા ભાંગીને તેને સત્યની કઠોરતા તરફ ધકેલવામાં રૅશનાલીટી છે ? શું રૅશનાલીસ્ટ માનવતાવાદી નહીં; પરંતુ કટ્ટરવાદી હોવા જોઈએ ?

વળી રૅશનાલીસ્ટ શું ભ્રમ માત્રને ત્યજવા યોગ્ય ગણે છે ખરો ? એસ્પીરીન અને અન્ય દર્દશામક દવાઓ હકીકતમાં શું છે ? ગણીત જેવા માત્ર સત્યને જ વરેલા વીષયમાં પણ 'બીન્દુ', 'અનંત' અને 'લીમીટ' જેવી ભ્રમણાઓનો ઉપયોગ કરવો પડે છે. સીનેમા અને ટીવીમાં એક સેકન્ડમાં અનુક્રમે ૨૪ થી ૨૫ તદ્દન સ્થીર ચીત્રો દ્વારા ઉભું કરાતું હલનચલન પણ ભ્રમણા જ છે ને ? આ બધી ભ્રમણાઓ 'ઉપયોગી' હોવાને કારણે આપણે ચલાવી લઈએ છીએ.

*છેલ્લાં કેટલાંક વખતથી (૧૯૯૦)થી ઉપરના વીચારો મારા મનમાં ઘોળાયા કરે છે. પરીણામે હમણાં સુધી ઈશ્વરવાદીઓની હું જે ઠેકડી ઉડાડતો હતો તેમાં મારી ભુલ હતી એમ મને લાગે છે. જેમ બોખા માણસો માટે દાંતનું ચોકઠું અને નબળા શરીર માટે લાકડી ઉપયોગી છે; તેમ માનસીક રીતે નબળી વ્યક્તીઓ માટે 'ઈશ્વર' એ ભ્રમ હોવા છતાં 'ઉપયોગી' છે. તેમને માટે એક ટેકો છે, એક સહારો છે. 'નીર્બલ કે બલ રામ'ને આ સંદર્ભમાં મુલવવું જોઈએ. લાકડીના ટેકે ચાલતા વૃદ્ધને જોઈને જેમ સહાનુભુતી પ્રકટે છે; તેમ 'ઈશ્વર'ના સહારે જીવન જીવતી વ્યક્તીઓ તરફ હવે મને સહાનુભુતી થાય છે. શું તેમને 'મુર્ખ' ને બદલે 'બીચારા' ગણવા વધારે યોગ્ય નથી ?*

*મારા બદલાયેલાં અભીગમને મારી વધતી જતી વય સાથે સાંકળાવાનું કેટલાકને ગમશે; પણ મને કહેવા દો કે હું સૌ પ્રથમ માનવતાવાદી છું. દરેક પ્રશ્નને ખુલ્લા દીલથી અને બધી બાજુએથી તપાસવો તેનું નામ જ રૅશનાલીટી. કટ્ટરતાને તેમાં સ્થાન હોઈ શકે જ નહીં. હજી પણ હું નાસ્તીક જ છું.*

--**વીક્રમ દલાલ**

**સંપર્ક:** 2/15–કલ્હાર બંગલોઝ, શીલજ, **અમદાવાદ**–380 058 **ફોન**–(079) 6542 7508

લેખકના **'મારી તતુડી'('ઉંઝાજોડણી'માં)** (**પહેલી આવૃત્તી** : ૧૯૯૪, **બીજી** : ૨૦૦૪, **પ્રકાશક** : **વીક્રમ દલાલ**, ૨/૧૫ - કલ્હાર બંગલોઝ, શીલજ, **અમદાવાદ** - ૩૮૦ ૦૫૮ ) પુસ્તકના પાન ૬૧, ૬૨, ૬૩ ઉપરથી સાભાર...

આ જ લેખ, **શ્રી. ઈન્દુકુમાર જાની** સંપાદીત : **'રૅશનલીઝમ : નવલાં મુક્તીનાં ગાન...' ('ઉંઝાજોડણી'માં)** પુસ્તીકામાં પણ પ્રકાશીત થયો છે..

*અને છેલ્લે*

**મંદીરોને ખરો ભય**

*મંદીરમાં પાંચ વાત હોવી જોઈએ:*

- મંદીરમાં ભલે અનેક દેવ–દેવીઓ પધરાવ્યાં હોય; પણ તે બધાં એક જ બ્રહ્મનાં માનવરુચીને પોષવા કરાયેલાં પ્રતીકો છે તેવું લોકોને ઠસાવવામાં આવે.
- મંદીર આડંબર વીનાનું, સીધીસાદી પ્રાર્થના કરવાનું કેન્દ્ર બને.
- મંદીરમાં દર્શનાર્થીઓ સાથે પુરી સમાનતાનો વ્યવહાર થાય, ધન કે વર્ણના નામે ભેદભાવ કરવામાં ન આવે.
- મંદીરો વ્યક્તીપુજાથી મુક્ત થાય.
- મંદીર માત્ર પ્રાર્થના–કેન્દ્ર ન રહેતાં તે માનવતાવાદી પ્રવૃત્તીઓનું પણ કેન્દ્ર બને. અર્થાત્ લોકહીતની પ્રવૃત્તીઓને પરમાત્માની ઉપાસના માનવામાં આવે. મંદીરની આવક ગરીબ અનુયાયીઓનાં શીક્ષણ, આરોગ્ય તથા અન્ય કલ્યાણ પ્રવૃત્તીઓમાં વપરાય.

મઠો, મંદીરો, આશ્રમો, છપ્પનભોગ, સોનાના કળશો, સોના–ચાંદી મઢ્યાં બારણાં અને બારસાખો, સામૈયાઓ, ભવ્ય વરઘોડાઓ – આ બધું હોય; પણ જો માનવતા ન હોય, તમારા જ ધર્મ તથા સમાજનાં અંગભુત અનાથ બાળકો કે લાચાર વીધવાઓ માટે જો કાંઈ ન થતું હોય તો તે બધાં ધાર્મીક જડતાનાં ચીહ્નો છે.

આપણા ધર્મને ખરો ભય વીધર્મીઓથી નહીં; પણ આપણી અવ્યવસ્થા, કુવ્યવસ્થા તથા દુકાનદારીપણાથી છે. ધર્મને બચાવવો હોય તો મંદીરો આ દુષણથી મુક્ત થવાં જ જોઈએ.

હે પ્રભો ! અમારાં મંદીરો હવે દુકાનો બની રહ્યાં છે. કારણ કે ધર્મના વ્યાપારીઓના હાથમાં તે પડ્યાં છે. અન્ય વસ્તુઓની માફક તારો પણ વ્યાપાર થાય તે તને ગમે છે ?
**–સ્વામી સચ્ચીદાનંદજી**(દંતાલીવાળા)

**‘વાચનયાત્રાનો પ્રસાદ’ – સંપાદક – મહેન્દ્ર મેઘાણી** –પાન 460 ઉપરથી સાભાર...
(**પ્રકાશક**– lokmilaptrust2000@yahoo.com પાન–512 મુલ્ય–રુપીયા 75)

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ:** પાંચમું **– અંક:** 171-2 – August 02, 2009
**‘ઉંઝાજોડણી’**માં અને **‘શ્રુતી’** ફોન્ટમાં **અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર** - uttamgajjar@hotmail.com

@&@&@&@